રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાત્રી કર્ફ્યુ દુર કરવા તથા લગ્ન પ્રસંગો કે અન્ય કર્યોમાં તમામ પ્રતિબંધો હટાવવા બાબત રાજય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજય સરકારે કોરોના વેકસીનેશનના ૧૦ કરોડ ડોઝનો લક્ષયાંક પુરા કરવા બદલ ખુબ ખુબ અભિનંદન... કોરોના વૈશ્વીક મહામારીની ત્રીજી લહેર દરમ્યાન રાજય સરકારના અવિરત પ્રયાસો તેમજ કોવીડ નિયંત્રણો થોડા કડક કરવાથી કોરોનાની પરિસ્થિતિ હાલ મહદઅંશે કાબુમાં આવી ગયેલ છે. તેમજ અન્યો રાજયો કરતા ગુજરાત રાજયમાં કોરોના મહામારી નહિવત છે. જે આવકારદાયક છે. હાલના કોવીડ નિયંત્રણોમાં રાજકોટના વેપાર-ઉદ્યોગકારો તથા આમ પ્રજાનનોને ખુબ જ મુશ્કેલી પડી રહી છે.

ગુજરાત રાજયમાં કોરોનાના દૈનીક કેસોમાં ખુબ જ ઘટાડો થઈ રહયો છે અને પરિસ્થિતિ પણ મહદઅંશે કન્ટ્રોલમાં આવી ગયેલ હોવાથી રાત્રી કર્ફ્યુ સંપર્ણ પણે દુર કરવો અથવા રાત્રીના ૧૨:૦૦ થી સવારના ૫:૦૦ સુધી રાખવો. જેથી વેપાર-ઉદ્યોગકારોને પડતી મુશ્કેલી દુર થાય અને આર્થિક નુકશાનીનો સામનો ન કરવો પડે.

સાથોસાથ લગ્ન પ્રસંગો કે અન્ય ધાર્મિક કર્યો વિગેરેમાં ૩૦૦ માણસોની મર્યાદા નકિક કરેલ છે. તેને બદલે કોવીડ-૧૯ ની ગાઈડલાઈનનું પાલન કરવાની શરતે તમામ પ્રતિબંધો હટાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સમગ્ર વેપાર-ઉદ્યોગ આલમ તથા લોક લાગણીને ધ્યાનમાં રાખી આ અંગે સત્વરે ઘટતું કરવા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ અખબારી યાદીમાં જણાવેલ છે.